

GPSC 1/2

## ભાવસિંહજી બીજા

લેખક:

યુવરાજસિંહ જાડેજા

યુયુત્સુ

યુયુત્સુ
યુવરાજસિંહ જાડેજા

જી.પી.એસ.સી ½ અને ડી.વાય.એસ.ઓ પરીક્ષા માટે ખૂબ ઉપયોગી

૧૪૧ સર ભાવસિંહજી બીજા કોના પુત્ર હતા?
- સર તખ્તસિંહજીના

૧૪૨ સર ભાવસિંહજીનો જન્મ ક્યારે થયો હતો?
- ૨૬ એપ્રિલ, ૧૮૭૬

૧૪૩ સર ભાવસિંહજી કોની સાથે જોડાયેલા હતા?
- ૨જી બોમ્બે લાન્સર્સ

૧૪૪ સર ભાવસિંહજી ભાવનગર સ્ટેટ ફોર્સમાં શાનો હોદ્દો ધરાવતા હતા?
- કર્નલ

૧૪૫ સર ભાવસિંહજી ભાવનગર સ્ટેટનો મહારાજા તરીકે ક્યારે ગ્રહણ કર્યું?
- ૧૦ ફેબ્રુઆરી ૧૮૯૬ (દેવરગઢ પેલેસ, ભાવનગર)

૧૪૬ ભાવનગરના સુધારાવાદી મહારાજા તરીકે કોની ગણતરી કરવામાં આવે છે?
- સર ભાવસિંહજી

૧૪૭ ભાવનગરમાં સુધારાવાદી કાર્યક્રમો કોણે શરુ કરાવ્યા?
- સર તખ્તસિંહજી

૧૪૮ બંધારણ ધરાવતું સૌપ્રથમ રાજ્ય કયું હતું?
- ભાવનગર

૧૪૯ પ્રથમ હરિજન શાળાની સ્થાપના કોણે કરી?

- સર ભાવસિંહજી બીજો

૧૫૦ ભાવનગર શિષ્યવૃતિની શરૂઆત કોણે કરી?

- સર ભાવસિંહજી બીજાએ

✍️યવરાજસિંહ જાડેજા (ગોંડલ)

૧૫૧ દરબાર બેંકની સ્થાપના કોણે અને ક્યારે કરી?

- સર ભાવસિંહજીએ ૧૯૦૨મા

૧૫૨ સહકારી મંડળીની શરૂઆત કોણે કરી?

- સર ભાવસિંહજી

૧૫૩ કોના પ્રયત્નોથી દરબાર બેંકને સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર તરીકે વિસ્તારી?

- સર પ્રભાશંકર પટ્ટણી

૧૫૪ સર ભાવસિંહજીને કયો ખિતાબ આપવામાં આવ્યો?

- નાઈટ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા

૧૫૫ પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટીશ લશ્કરને મદદ કરવા કોણે લશ્કર મોકલ્યું?

- સર ભાવસિંહજી બીજાએ

૧૫૬ પ્રથમ વિશ્વયુદ્ધમાં ઘાયલ સૈનિકોની સારવાર કરવા કઈ હોસ્પિટલ બનાવી હતી?

- ભાવનગર વોર હોસ્પિટલ

૧૫૭ સર ભાવસિંહજીએ સંગીતમાળાના કેટલા ભાગો સંપાદિત કાર્ય હતા?

- ચાર

૧૫૮ હોમરના મહાકાવ્ય ઇલિયડનું ભાષાંતર કોણે કર્યું હતું?

- સારા ભાવસિંહજી

૧૫૯ ભારતીય સંગીતમાં સૌલ - ફા નોટેશન પદ્ધતિની શરૂઆત કોણે કરી?

- સર ભાવસિંહજી બીજાએ

૧૬૦ સર ભાવસિંહજી બીજા ક્યારે મૃત્યુ પામ્યા?

- ૧૬ જુલાઈ, ૧૯૧૯

✍️યવરાજસિંહ જાડેજા (ગોંડલ)

૧૬૧ સર ભાવસિંહજી બીજા પછી રાજગાદી કોણે સંભાળી?

- કૃષ્ણકુમારસિંહજી

૧૬૨ દિલ્હી દરબાર સુવર્ણચંદ્રક (૧૯૦૩ અને ૧૯૧૧)થી કોને નવાજવામાં આવ્યા?

- સર ભાવસિંહજીને

૧૬૩ સર ભાવસિંહજીને મહારાજા બહાદુરનો ખિતાબ ક્યારે આપવામાં આવ્યો?

- ૧ જાન્યુઆરી, ૧૯૦૯

૧૬૪ સર ભાવસિંહજી પોલિટેકનિક કોલેજની સ્થાપના કયારે અને કોણે કરી?

- ૧૯૩૨, કૃષ્ણકુમારસિંહજીએ

૧૬૫ ભાવનગર પર કયા ગોહિલવંશના રાજાઓ રાજ કરતા હતા?

- સૂર્યવંશી

૧૬૬ મહારાજા ભાવસિંહજીએ સિહોરથી રાજધાની કયા ખસેડી?

- વડવા, હાલનું ભાવનગર (૧૭૨૩)

૧૬૭ ભાવનગર કઈ સાલથી બ્રિટીશ શાસન હેઠળ આવ્યું?

- ૧૮૦૭થી

૧૬૮ ભાવનગરનો મહેલ કયા નામે ઓળખાય છે?

-નીલમબાગ પેલેસ

૧૬૯ વિશ્વનું સૌથી મોટું શિપબ્રેકીંગ યાર્ડ કયું છે?

- અલંગ

૧૭૦ દેશી રાજ્યોના વિલીનીકરણમા સરદાર વલ્લભભાઈ પટેલ પ્રથમ રજવાડું સોંપનાર?

- મહારાજા કૃષ્ણકુમારસિંહજી (ભાવનગર)

૧૭૧ બહ્નાગરની ચલણી નાણું શું હતું?

- ઇમ્પિરીયલ રૂપિયો

૧૭૨ આધુનિક ભાવનગરના શિલ્પી કોને કહેવામાં આવે છે?

- સર તખ્તસિંહજીને

૧૭૩ સર ભાવસિંહજી કેવા રાજવી હતા?

- કલાપ્રિય

૧૭૪ સર ભાવસિંહજીએ ક્યા સુપ્રસિદ્ધ ચિત્રકારને ભાવનગર નિમંત્ર્યા હતા?

- રાજા રવિ વર્મા

૧૭૫ નીલમબાગ પેલેસમાં સંગીત દરબાર તરીકે કયો બંગલો અલગ રાખ્યો?

- પિત્તળીયો બંગલો

૧૭૬ ભાવનગરના ક્યા કલાકારોએ વ્રજભાષામાં પદો રચી ગાતા?

- ડાહ્યાલાલ અને સુરજરામ

૧૭૭ સર ભાવસિંહજીના રાજ્યમાં દીવાન કોણ હતા?

Your Vision. Your Event. Your Way.

- પ્રભાશંકર પટ્ટની

૧૭૮ દક્ષિણામૂર્તિ સંસ્થાની સ્થાપના કોના શાસન દરમિયાન થઇ?

- મહારાજા ભાવસિંહજીના શાસન દરમિયાન

૧૭૯ દક્ષિણામૂર્તિ બાલમંદિરની શરૂઆત ક્યા થઇ?

- શ્રી તખ્તસિંહજી ધર્મશાળામાં

૧૮૦ દક્ષિણામૂર્તિ બાલમંદિરને ખુલ્લું કોણે મૂક્યું?

- કસ્તૂરબા ગાંધી

✍️યવરાજસિંહ જાડેજા (ગોંડલ)

૧૮૧ ભાવનગર સ્ટેટની મોટા ભાગની આવક ક્યાંથી મળતી હતી?

- મેરીટાઈમ ઉદ્યોગથી

૧૮૨ ગુજરાતની સૌપ્રથમ અંડરગ્રાઉન્ડ ડ્રેનેજલાઈન ક્યા નાખી હતી?

- ભાવનગર

૧૮૩ ગુજરાતનું સૌપ્રથમ વોટરફિલ્ટરેશન પ્લાન્ટ કયા સ્થપાયો હતો?

- ભાવનગર

૧૮૪ ભાવનગરમાં વોટરફિલ્ટરેશન પ્લાન્ટ નખાયો તે સમયે એશિયામાં તેનું સ્થાન ક્યા હતું?

- વિશ્વનો સૌથી મોટો પ્લાન્ટ

૧૮૫ કલાગુરુ રવિશંકર રાવલની જન્મભૂમિ કઈ?

- ભાવનગર

૧૮૬ રંગોના રાજા સોમાલાલ શાહની કર્મભૂમિ કઈ?

- ભાવનગર

૧૮૭ ખ્યાત્નામાં ચિત્રકાર ખોડીદાસ પરમાર ક્યાંના વાતની હતા?

- ભાવનગર

૧૮૮ ભાવનગરમાં કયુ મોટું તળાવ આવેલું છે?

- ગૌરીશંકર તળાવ (બોરતળાવ)

૧૮૯ ગૌરીશંકર તળાવ ક્યારે બાંધવામાં આવ્યું?

- ૧૮૭૨મા

૧૯૦ ગૌરીશંકર તળાવનું નામ કોના પરથી પાડવામાં આવ્યું?

- દીવાન ગૌરીશંકર ઓઝાના નામ પરથી (ગગા ઓઝા)

✍️યવરાજસિંહ જાડેજા (ગોંડલ)

૧૯૧ ગૌરીશંકર તળાવના કિનારે કયું મંદિર આવેલું છે?

Your Vision. Your Event. Your Way.

- થાપનાથ મહાદેવનું મંદિર

૧૯૨ ગૌરીશંકર તળાવના કિનારે કયો મહેલ આવેલો છે?

- ભાવવિલાસ પેલેસ

૧૯૩ ભાવનગર શહેરનું મુખ્ય રેલવે સ્ટેશન ક્યા નામે ઓળખાય છે?

- ભાવનગર ટર્મિનસ

૧૯૪ ભાવનગરમાં બીજું કયું રેલવે સ્ટેશન આવેલું છે?

- ભાવનગર પરા

૧૯૫ ભાવનગરમાં લક્ષ્મણનું મંદિર ક્યા આવેલું છે?

- વડવામાં

૧૯૬ સમગ્ર ભારતમાં કયા રેલવે સ્ટેશને હમાલ તરીકે માત્ર સ્ત્રીઓ જ છે?

- ભાવનગર

૧૯૭ ભાવનગરમાં કઈ લાયબ્રેરીની સ્થાપના કરવામાં આવી?

- બાર્ટન લાઈબ્રેરી (૩૦ ડીસે., ૧૮૮૨)

૧૯૮ ખોડિયાર મંદિર, રાજપરાનું સમારકામ કોણે કરાવ્યું?

- સર ભાવસિંહજી

૧૯૯ ખોડિયાર મંદિર પર સોનાનું છત્ર કોણે ચડાવ્યું હતું?

- સર ભાવસિંહજી બીજાએ

૨૦૦ કોની યાદમાં શામળદાસ આર્ટસ કોલેજની સ્થાપના કરવામાં આવી?

- દીવાન શામળદાસ મહેતા (૧૮૮૫)

https://t.me/gyansarthi




# ભાવસિંહજી દ્વિતિય




- . કર્નલ મહારાજા રાવ સર શ્રી ભાવસિંહજી દ્વિતિય તખ્તસિંહજી, KCSI (૨૬ એપ્રિલ ૧૮૭૫ - ૧૬ જુલાઇ ૧૯૧૯) ગોહિલ વંશના મહારાજા હતા જેમણે ભાવનગર પર ૧૮૯૬ થી ૧૯૧૯ સુધી શાસન કર્યું હતું
    - તેઓ તખ્તસિંહજીના સૌથી મોટા પુત્ર હતા અને તેમનો જન્મ ૨૬ એપ્રિલ, ૧૮૭૬ના રોજ થયો હતો. તેમનું શિક્ષણ રાજકુમાર કોલેજ, રાજકોટ ખાતે થયું હતું.
    - તેઓ ૨જી બોમ્બે લાન્સર્સ સાથે જોડાયેલા હતા અને ભાવનગર સ્ટેટ ફોર્સિસમાં ૧૮૯૪-૧૮૯૬ દરમિયાન કર્નલનો હોદ્દો ધરાવતા હતા. તેમને ૧૯૧૮માં લેફ્ટનન્ટ કર્નલનો હોદ્દો મળ્યો હતો.
    - ભાવસિંહજીના પ્રથમ લગ્ન દેવગઢબારિયાના દેવકુંવરબા સાથે થયા હતા અને આ લગ્નથી તેમને પુત્રી હતી. દેવકુંવરબાના મૃત્યુ પછી તેઓ ખીરસરાના નંદકુંવરબા સાથે લગ્ન કર્યા હતા. બીજા લગ્નથી તેમને કૃષ્ણ કુમારસિંહ ૧૯૧૨માં થયા હતા. જેમણે ભાવસિંહજી પછી ગાદી સંભાળી હતી
    - સત્તારોહણ

      તેમણે દેવરગઢ પેલેજ, ભાવનગર ખાતે ૧૦ ફેબ્રુઆરી ૧૮૯૬ના રોજ ગાદી (તાજ) સંભાળી હતી

## શાસન

તેમણે સુધારાવાદી શાસક તરીકે નામ મેળવ્યું અને તેમના પિતા તખ્તસિંહજી દ્વારા શરૂ કરેલા આધુનિકીકરણ અને વિકાસના કાર્યક્રમો ચાલુ રાખ્યા તેમના શાસન દરમિયાન ૧૯૦૦માં રાજ્યે ભયંકર દુષ્કાળનો સામનો કર્યો અને તેમણે આ દરમિયાન રાજ્યના અસરગ્રસ્ત વિસ્તારોના જાતે મુલાકાત લીધી. દુષ્કાળમાં રાહત માટે તેમણે બધી ન એકઠી

કરેલ આવકને મફત ભેટો તરીકે વહેંચી. ભવિષ્ય માટે તેમણે મોટા તળાવનું બાંધકામ આ સમય દરમિયાન કરાવ્યું.

- ભાવનગર સ્વ-રાજ્યનું બંધારણ ધરાવતું પ્રથમ રાજ્ય હતું જેમાં લોકોનું પ્રતિનિધિત્વ થતું હતું. તેમાં ખેડૂતો, વેપારીઓ, ચૂંટાયેલ નગરસમિતિના સભ્યો અને જાગીરદારોનો સમાવેશ થતો હતો.

- વધુમાં, તેમણે ૧૯૧૨માં પોતાના રાજ્યના દલિતો માટે પ્રથમ હરિજન શાળાની શરૂઆત કરી હતી અને ઇંગ્લેન્ડ, અમેરિકા અને જાપાનમાં ખાસ કરીને ચિકિત્સા અને વિજ્ઞાનના વધુ અભ્યાસની મદદ માટે શિષ્યવૃત્તિઓની શરૂઆત કરી હતી.

- દુષ્કાળની રાહત માટે તેમણે ૧૯૦૨માં ભાવનગર દરબાર બેંકની સ્થાપના કરી હતી જે ખેડૂતો અને વેપારીઓને સહાય કરતી હતી અને સહકારી મંડળીની શરૂઆત કરી. આ બેંકની સ્થાપના તેમણે અને ભાવનગરના પ્રધાન મંત્રી સર પ્રભાશંકર પટ્ટણીએ કરી હતી જે પછીથી સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રમાં વિસ્તરી..

- તેમને નાઇટ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટેટ ઓફ ઇંડિયાનો ખિતાબ ૧૯૦૪માં મળ્યો હતો.

- પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટિશ લશ્કરને મદદ કરવા માટે ભાવનગરનું લશ્કર મોકલવામાં આવ્યું હતું. ભાવસિંહજી અને તેમની પત્નિએ ૧૯૧૬માં પોતાના અંગત ફાળાથી યુદ્ધમાં ઘાયલ થયેલા સૈનિકોની સારવાર માટે ભાવનગર વોર હોસ્પિટલ બનાવી હતી અને સૈનિકોને સ્ટેટ વોર મેડલ એનાયત કર્યા હતા

તેઓ વિવિધ ક્ષેત્રોમાં વિદ્વાન હતા. તેમણે સંગીત માળાના ચાર ભાગો સંપાદિત કર્યા હતા, જે ભારતીય છોડોના વૈધકિય ગુણધર્મોનું સંકલન હતું. તેમણે ભારતીય આયુર્વેદ પર પુસ્તક પ્રકાશિત કર્યું હતું.વધુમાં તેમણે હોમરના મહાકાવ્ય ઇલિયાડનું ભાષાંતર કર્યું હતું તેઓ રાજકોટની રાજકુમાર કોલેજની સંચાલન સમિતિમાં હતા અને રાજકુમાર કોલેજના ચાલીસ વર્ષો (૧૯૧૧)નું સાત ભાગમાં પ્રકાશન કર્યું હતું.

ભારતીય સંગીતમાં સોલ-ફા નોટેશન પદ્ધતિની શરૂઆત મોટાભાગે તેમના પ્રયત્નોથી થઇ હતી.

## મૃત્યુ

તેઓ ૧૬ જુલાઇ ૧૯૧૯ના રોજ મૃત્યુ પામ્યા અને તેમના પછી તેમના પુત્ર કૃષ્ણ કુમારસિંહ ભાવસિંહે ભાવનગર સ્ટેટની ગાદી સંભાળી.

## સન્માન

- દિલ્હી દરબાર સુવર્ણ ચંદ્રક - ૧૯૦૩
- નાઇટ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઇંડિયા - ૨૪ જૂન ૧૯૦૪
- મહારાજા બહાદુરનો ખિતાબ, ૧ જાન્યુઆરી ૧૯૦૯ (પછીથી યુદ્ધ દરમિયાનની સેવાઓ માટે ૧ જાન્યુઆરી ૧૯૧૮થી વંશપરંપરાગત)
- દિલ્હી દરબાર સુવર્ણ ચંદ્રક - ૧૯૧૧

## સ્મારકો

તેમના પુત્ર સર કૃષ્ણકુમારસિંહજી વડે સર ભાવસિંહજી પોલિટેકનિક ઇન્સ્ટિટ્યુટની ૧૯૩૨માં સ્થાપના કરવામાં આવી હતી, જે ૧૯૪૯થી કાર્યરત થઇ.



# ભાવનગર રજવાડું

ભાવનગર રજવાડું કે ભાવનગર રાજ્ય એ ગુજરાતનાં કાઠીયાવાડ ભૂશીર વિસ્તારમાં આવેલા એક રજવાડાનું નામ હતું. સુર્યવંશી ગોહીલવંશના રાજાઓ આ રજવાડા પર શાસન કરતા આવ્યા છે. તેમનું મુળ વતન મારવાડ હતું. સુર્યવંશી ગોહીલ રાજપુતોને મારવાડમાં તીવ્ર સ્પર્ધાનો સામનો કરવો પડતો હતો. એ કારણે મારવાડ છોડીને ગુજરાત બાજુ આવ્યા. ગુજરાતમાં એમણે સૌ પ્રથમ રાજધાની ઇ.સ. ૧૧૯૪માં સેજકપુર ને બનાવ્યું. ત્યાંથી તેઓ આગળ વધીને ઇ.સ. ૧૨૫૪માં રાણપુરમાં રાજધાની બદલી. ઇ.સ. ૧૩૦૯માં રાજધાની રાણપુરથી ખસેડી ઉમરાળામાં સ્થાપી. ઇ.સ. ૧૫૭૦માં સિહોરમાં રાજધાની સ્થાપી. ૧૭૨૨-૧૭૨૩માં કંથાજી કડાણી અને પીપળાજી ગાયકવાડની સરદારી નીચે ગોહીલોની તે સમયની રાજધાની પર આક્રમણ કર્યું. હારનો સામનો કરવો પડ્યો એટલે હારનું કારણ સિહોરનું ભૌગોલીક સ્થાન છે એમ માનીને ૧૭૨૩માં સિહોરથી ૩૦ કિલોમિટર દૂર વડવા ગામ પાસે દરીયાકિનારે સંવત ૧૭૭૯ની વૈશાખ સુદ ૩-અખાત્રીજના રોજ મહારાજા ભાવસિંહજી ગોહીલે નવી રાજધાની વસાવી અને એને ભાવનગર તરીકે ઓળખાવ્યું. ૧૮૦૭થી બ્રીટીશ સંરક્ષણ હેઠળનું રાજ્ય બન્યું.

*દરિયાઇ વ્યાપારની સાનુકુળતા અને વ્યૂહાત્મક અગત્યતાને ધ્યાનમાં રાખીને આ સ્થળ પસંદ કરવામાં આવ્યુ હતું. સ્વાભાવિક રીતે જ ભાવનગર શહેર ભાવનગર રજવાડાની રાજધાની બન્યું. જૂના ભાવનગરની નગર રચના સૌરાષ્ટ્રના બીજા અગત્યના શહેરો તરફ ખૂલતા દરવાજાવાળા કિલ્લા ધરાવતી હતી. બે દાયકા સુધી એ આફ્રિકા, ઝાંઝીબાર, મોઝામ્બિક, સિંગાપુર અને આરબ દેશો સાથે વ્યાપારી સંબંધ ધરાવતું અગત્યનું બંદર બની રહ્યુ.*

*હાલમાં રાજવી કુટુંબના સભ્યોમાં મહારાજા વિજયરાજસિંહ ગોહિલ, મહારાણી સંયુક્તાકુમારી, યુવરાજ જયવીરરાજસિંહ ગોહિલ અને રાજકુમારી બ્રિજેશ્વરીકુમારી છે.*

*ભાવનગરનો મહેલ નિલમબાગ ખાતે આવેલ છે. દેશી રાજ્યોના વિલીનીકરણ સમયે સરદાર વલ્લભભાઈ પટેલ સાથે સૌ પ્રથમ સહમત થનાર અને પોતાનું રાજ્ય ધરનારા ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી હતા. ભાવનગર પાસે આવેલું અલંગ વિશ્વનું સૌથી મોટું શિપબ્રેકીંગ યાર્ડ છે.*

૨૦૧૧ની વસતી ગણત્રી પ્રમાણે ભાવનગરની વસતી ૫,૯૩,૭૬૮ લોકોની હતી. સાક્ષરતા દર ૮૬% જે રાષ્ટ્રીય સરેરાશ ૫૯.૫ કરતા ઘણો વધારે છે.

## નાણું અને વેપાર

૮મી સપ્ટેમ્બર ૧૮૪૦ના દિવસે ભાવનગર રાજ્યના ઠાકોર વજેસિંગ અને બ્રીટીશ સત્તા વચ્ચે થયેલા કરાર મુજબ ભાવનગરનું ચલણી નાણું ઇમ્પિરીયલ રૂપીયો હતુ. એ પહેલા ભાવનગરનાં ચલણ છાપખાનામાં ભાવનગર રાજ્ય પોતાના તાંબા અને ચાંદીના સિક્કા છાપતું હતું

આધુનિક ભાવનગરના શિલ્પી તરીકે મહારાજા તખ્તસિંહજીએ રેલ્વે, શાળાઓ, હાઇસ્કુલો, તખ્તસિંહજી હોસ્પીટલ, પુસ્તકાલયો તેમજ કૃષિ વિકાસ માટે અનેક કૂવાઓ, તળાવો બંધાવ્યા હતા. તખ્તસિંહજી બાદ ગાદીએ આવેલા મહારાજા ભાવસિંહજી (બીજા) કલાપ્રિય રાજવી હતા. તેમણે સુપ્રસિધ્ધ ચિત્રકાર રાજા રવિ વર્માને ભાવનગર નિમંત્રી કલાકારોને તેમની પાસે કલાવિદ્યા શીખવી હતી. ભાવસિંહજીને સંગીતનો જબરો શોખ હતો. નિલમબાગ પેલેસમાં તેમણે પિતળીયો બંગલો સંગીત દરબાર તરીકે અલગ રાખ્યો હતો. અહીં સવાર-સાંજ સંગીતના સુરો લહેરાતા ગવૈયાઓનો ઝમેલો રહેતો. ભાવનગરના કલાકાર ડાહ્યાલાલ તથા સુરજરામ નાયક વ્રજભાષામાં પદો રચી ગાતા. મશહુર બીન વાદક રહીમખાન તથા ગાયિકા ચંદ્રભાગા સંગીતની મહેફીલોમાં રંગ જમાવતા. ગાયકવૃંદના સહકારથી ભાવસિંહજીએ સંગીતમાળા ચાર ભાગમાં, સંગીત વિનોદ, સંગીત બાલોપદેશ, હોરેશીયમ અને ઇલીયડના છ ભાગ પુસ્તકરૂપે પ્રસિધ્ધ કરાવ્યા હતા. ભાવસિંહજીના રાજય અમલમાં દિવાન પ્રભાશંકર પટ્ટણીના સુદિર્ઘ વહીવટથી ભાવનગરની કિર્તી ચોમેર પ્રસરી હતી.

## શ્રી દક્ષિણામુર્તિ સંસ્થા

ભાવનગરના મહારાજા શ્રી ભાવસિંહજી ગોહીલના સમય દરમ્યાન શ્રી દક્ષીણામૂર્તિ સંસ્થાની સ્થાપના શ્રી તખ્તસિંહજી ધર્મશાળાના મકાનના બે રૂમમાં ઈ.સ. ૧૯૧૦ ના વર્ષમાં શ્રી નાનાભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવેલ. સમય જતા એમની સાથે ૧૩ નવેમ્બર ૧૯૧૬ ના દિવસે શ્રી ગિજુભાઈ બધેકા અને એ પછી ઓગષ્ટ ૧૯૧૯ દરમ્યાન શ્રી હરભાઈ ત્રિવેદી પણ જોડાયા. એ પછી ૧૯૨૦ના વર્ષમાં મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીએ તખ્તેશ્વર રેલ્વે સ્ટેશનથી નજીક એક ટેકરી પર થોડી જમીન ફાળવી જેના પર આજે પણ શ્રી દક્ષીણામૂર્તિ બાળ મંદિર અસ્તિત્વ ધરાવે છે.



શ્રી દક્ષિણામુર્તિ બાલ મંદિર - પુર્વ-પ્રાથમિક શાળા

શ્રી દક્ષીણામૂર્તિ બાલમંદિરની શરૂવાત શ્રી તખ્તસિંહજી ધર્મશાળાના મકાનના બે રૂમમાં ઈ.સ. ૧૯૧૦ ના વર્ષમાં થયેલી. દસ વર્ષ પછી ઇ.સ. ૧૯૨૦ (વિક્રમ સંવત ૧૯૭૭માં) ફાગણ સુદ આઠમ ને ગુરુવારે રમાબેન પટ્ટણીની હાજરીમાં બાલ-મંદિરના બાળકો દ્વારા હાલના સ્થળે ચાલતા બાલમંદિરનું ખાત મુહુર્ત થયુ હતું અને ઇ.સ. ૧૯૨૧ (વિક્રમ સંવત ૧૯૫૮માં) વૈશાખ સુદ આઠમને ગુરુવારે બાલ-મંદિરને ખુલ્લુ મુકવાની વિધિ કસ્તુરબા ગાંધીના હસ્તે કરવામાં આવેલ.

૧૯૭૬માં શ્રી દીપકભાઈ પ્ર. મેહતાની નિમણુક શ્રી દક્ષિણામુર્તિ વિનય મંદિરના આચાર્ય પદે કરવામાં આવી અને શ્રી દક્ષિણામુર્તિ વિનય મંદિરની શ્રી દક્ષિણામુર્તિ વિધ્યાર્થી ભવનના એક નાનકડા એકમને બદલે એક અલગ પેટા સંસ્થા તરીકેની ઓળખ કાયમ થઈ.

ભાવનગર એક સમયે બંદર તરીકે મોટી ખ્યાતિ ધરાવતું હતું અને તેની રેવન્યૂનો મહત્તમ હિસ્સો મેરીટાઈમ ઉદ્યોગથી આવતો હતો. આજે પણ ભાવનગરનું અલંગ શિપબ્રેકિંગ યાર્ડ જગમશહૂર છે. ભાવનગર જિલ્લામાં પાલીતાણા જૈનમંદિરો, વેળાવદર નેશનલ પાર્ક પણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. અંગ્રેજોના જમાનામાં પોતાની કમાણીથી પોતીકી ટ્રેન વસાવનાર ભાવનગર

સ્ટેટનો દબદબો જાણવો હોય તો ઇમ્પિરિયલ ગેઝેટિયરના પાનાં ઉલટાવવાં જેવાં છે. આજની સરકારોએ પણ શિક્ષણના વિકાસ માટે કેટલોય પ્રચાર કરવો પડે છે ત્યારે ભાવનગરના રાજાની દૂરંદેશીથી ભાવનગર એક સમયે શિક્ષણધામ કહેવાતું હતું. ભાવનગર સ્ટેટમાં શિક્ષણ અને સંસ્કૃતિ એટલી હદે વિકસ્યાં હતાં તેનું પ્રતિબિંબ આ જાણીતા નામોની ખ્યાતિમાંથી મળી રહેશે. ભાવનગરના નામ સાથે જોડાયેલાં મહાનુભાવોમાં રાજ્યના પ્રથમ મુખ્યપ્રધાન બળવંતરાય મહેતા, નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ બધેકા, તારાબહેન મોડક, આત્મારામ ભટ્ટ, કવિ કાન્ત, ઝવેરચંદ મેઘાણી, રવિશંકર રાવલ, મનુભાઈ પંચોલી, કૃષ્ણલાલ શ્રીધરાણી, દુલા ભાયા કાગ, ગંગાસતી, બરકત વીરાણી,અને હાલમાં પણ મોરારિબાપુ જેવી સામર્થ્યવાન પ્રતિભાઓ શામેલ છે. b-4તો સાહિત્યિક પ્રવૃત્તિઓ માટે પણ આ સ્ટેટમાં ખૂબ જ ઉત્સાહપ્રેરક વાતાવરણ પૂરું પાડતાં ભાવનગરના તળાજામાં જ નરસિંહ મહેતાનું વૈષ્ણવજન તો તેને રે કહીએ...લખાયું હતું અને ગુજરાતી સાહિત્યની જ્યોર્તિધર મહાનવલ સરસ્વતીચંદ્રના લોકેશન્સ ભાવનગર અને શિહોરના છે એટલું જ નહીં તેના કેટલાક પ્રકરણ પણ ગોવર્ધનરામ ત્રિપાઠીના ભાવનગર નિવાસ દરમિયાન લખાયાં હતાં.

ભાવનગર સ્થાપત્યકલાની દ્રષ્ટિએ કેટલાક બેનમૂન ઇમારતોની શાખ પણ ધરાવે છે. આર્કિટેક્ચરલ વેલ્યૂ ધરાવતાં સ્થાપત્યોમાં તખ્તેશ્વર મહાદેવ મંદિર, નીલમબાગ પેલેસ, બાર્ટન લાયબ્રેરી, દરબાર હોલ જોવા જેવાં છે. તો ગુજરાતની સૌપ્રથમ અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજલાઈન અને સૌપ્રથમ વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ ભાવનગરના રાજા કૃષ્ણકુમારસિંહજીની પ્રજાલક્ષી નીતિઓની દેણગી છે.વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ તો તે સ્થપાયો ત્યારે એશિયાનો એ પ્રકારનો સૌથી મોટો પ્લાન્ટ હતો.

શૈક્ષણિક ધોરણોમાં પણ ભાવનગરની કીર્તિની પતાકાઓ લહેરાઈ હતી.ગુજરાતના લાડીલા શિક્ષણવિદ્ મૂછાળી મા કહેવાતા ગિજુભાઈ બધેકા, મનુભાઈ ભટ્ટ, તારાબહેન મોડક હરિભાઈ ત્રિવેદી અહીંના જ હતાં. તો શામળદાસ કોલેજ અને મહાત્મા ગાંધીનો સંબંધ કોણ ભૂલી શકશે ? ભાવનગરમાં આટલું જ છે એવું નથી તેના પ્રાકૃતિક અભયારણ્યો, તેની ઓદ્યૌગિક સિદ્ધિઓ, ટ્રાન્સપોર્ટ અને ટુરિઝમ સહિતના પ્રગતિશીલ તમામ પાસાંઓમાં ભાવનગર અનોખું સ્થાનમાન ધરાવે છે અને ભાવનગરવાસીઓના તેમ જ ગુજરાતના વિકાસમાં સતતવાહી પ્રદાન આપે છે.

કલાનગરી

૨૦મી સદીના પ્રારંભે ગુજરાતમાં ચિત્રકલાની આગેવાની કલાગુરુ રવિશંકર રાવળે લીધી હતી. તેમનો જન્મ ભાવનગરમાં થયો હતો. રંગોના રાજા ગણાતા સોમાલાલ શાહની કર્મભૂમિ પણ ભાવનગર છે એ સમયે એમણે ધર્મકુમારસિંહજીના પક્ષીવિષયક ગ્રંથ "ધિ બર્ડ્ઝ ઓફ સૌરાષ્ટ્ર" માં રંગીન અને પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ ના પંખી જગત નામના પુસ્તકોમાં પક્ષીઓના રેખા-ચિત્રો દોર્યા છે. લોક કલાના ખ્યાતનામ ચિત્રકાર શ્રી ખોડીદાસ પરમાર પણ ભાવનગરના. તેમના ચિત્રોમાં લોક સહિત્યની છાંટ પ્રદર્શિત થાય છે.

## ગૌરીશંકર તળાવ

ગૌરીશંકર તળાવ ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા ભાવનગર શહેરમાં આવેલું એક તળાવ છે. આ તળાવનું બાંધકામ ૧૮૭૨માં કરવામાં આવ્યું હતુ. આ રમણીય તેમ જ વિશાળ તળાવ નગરની શોભા વધારે છે. ભાવનગર રાજ્યના એક સમયના દીવાન શ્રી ગૌરીશંકર ઓઝાના નામ પરથી આ જળાશયનું નામ ગૌરીશંકર તળાવ રાખવામાં આવ્યું છે. આ તળાવને કીનારે થાપનાથ મહાદેવનું મંદિર, બાલ-વાટીકા, બોટ-ક્લબ, સુંદરાવાસ બંગલો અને ભાવવિલાસ પેલેસ આવેલા છે. તળાવમાં આવેલા ટાપુઓમાંના એક ટાપુ પર રજવાડાના સમયમાં હવાખાવા માટેનું સ્થળ બનાવાયેલું પણ હાલ એ બંધ હાલતમાં છે. શ્રાવણ મહીનાના દરેક સોમવારે થાપનાથ મહાદેવના પરીસરમાં લોક-મેળો ભરાય છે.

## ભાવનગર ટર્મીનસ રેલ્વે સ્ટેશન

Your Event. Your Way.

ભાવનગર ટર્મીનસ રેલ્વે સ્ટેશન એ ભાવનગર શહેરનું મુખ્ય રેલ્વે-સ્ટેશન છે. આ સિવાય ભાવનગર શહેરમાં ભાવનગર-પરા નામનું રેલ્વે સ્ટેશન પણ છે. રેલ્વે-સ્ટેશન પર સ્ત્રીઓ હમાલ (કુલી) તરીકેનું લાઇસંસ મેળવીને કામ કરતી હોય એવું ગુજરાતનું એક માત્ર રેલ્વે સ્ટેશન છે. સ્ત્રીઓને પણ હમાલી માટેનું લાઇસંસ આપવાની પ્રથા ભાવનગર સ્ટેસના વખતથી અસ્તિત્વમાં છે

## બાર્ટન લાઈબ્રેરી -ભાવનગર

૩૦મી ડિસેમ્બર, ૧૮૮૨માં જુના ભાવનગર રાજ્યમાં સ્થપાયેલી બાર્ટન લાઈબ્રેરી માટે ભાવેણાના પુસ્તકપ્રેમીઓએ આરંભમાં માતબર સંખ્યામાં પુસ્તકોનું દાન આપ્યું હતું. આપણા દેશમાં ઓગણીસમી સદીના અંત સુધી સાર્વજનિક લાઈબ્રેરીની પ્રવૃત્તિ વિકસી ન હતી. ત્યારે ભાવનગરમાં આ નમૂનેદાર પુસ્તકાલયનો પ્રારંભ થયો એટલું જ નહીં પણ સાથે મૌલિક વિચારોનું વહન કરે તેવુ માસિક પણ શરૂ કરાયુ હતું.

ઈ.સ.૧૮૮૨માં નવાપરા ખાતે કાવેરી કોર્પોરેશન નજીક હાલ જે મોટી માજીરાજ કન્યાશાળાનું મુખ્ય મકાન તરીકે ઓળખાય છે તે બાર્ટન લાઈબ્રેરી ત્યારે હતી અને તેમાં મહાત્મા ગાંધીજીએ પણ નિયમિત વાચક તરીકે લાભ લીધો હતો.

ઈ.સ.૧૯૩૬માં આ લાઈબ્રેરીમાં પુસ્તકોની સંખ્યા ૧૫,૯૮૦ હતી તે ૨૦૦૪માં વધીને ૬૧,૭૬૩ના આંકને આંબી ગઈ હતી તો ૨૦૧૦માં આ આંકડો ૬૯૦૦૦ અને ૨૦૧૧ના અંતે આ આંકડો ૭૫ હજારના પ્રભાવશાળી આંકને આંબી ગયો છે. આ લાઈબ્રેરીમાં કેટલીક દુર્લભ હસ્તપત્રોનો અમૂલ્ય સંગ્રહ પણ છે.

દરરોજ ૭૫૦થી વધુ વાચકો આ લાઈબ્રેરીનો લાભ લે છે ત્યારે સ્થાપનાની સવા સદી વટાવી ગયેલી આ લાઈબ્રેરી હજુ ભવિષ્યમાં નવા વિક્રમો સ્થાપી ભાવેણાના વાચનપ્રેમીઓની ભૂખ ભાંગતી રહેશે તે વાત નિર્વિવાદ છે.

## ખોડિયાર મંદિર - રાજપરા (ગુજરાત)

ખોડિયાર માતાજીનું રાજપરા મંદિર ભારત દેશનાં પશ્ચિમે આવેલા ગુજરાત રાજ્યનાં ભાવનગર જિલ્લા નાં સિહોર તાલુકાનાં રાજપરા (ખોડિયાર) ગામે આવેલ છે. જે ભાવનગર થી ૧૫ કિ.મી. તથા સિહોર થી ૪ કિ.મી. નાં અંતરે ભાવનગર-રાજકોટ હાઇવે ઉપર આ ખોડિયાર માતાજીનું મંદિર આવેલું છે. આ મંદિરની સામે જ પાણીનો ધરો આવેલો છે. જે તાંતણીયા ધરા તરીકે પ્રખ્યાત છે. જેથી આ મંદિર તાંતણિયા ધરાવાળા ખોડિયાર અથવા રાજપરાવાળા ખોડિયાર તરીકે ભારત ભરમાં પ્રખ્યાત છે. આ મંદિર ચોતરફ કુદરતી સૌંદર્ય વચ્ચે ઘેરાયેલું રમણીય ધાર્મિક સ્થળ છે. ભાવનગર નો રાજવી પરિવાર કુળદેવી તરીકે ખોડિયાર માતાજીને પુજે છે. રાજપરાનું આ ખોડિયાર મંદિર સૌ પ્રથમ આતાભાઈ ગોહિલ એ બંધાવ્યુ હતું. ત્યાર બાદ ઈ.સ.૧૯૧૪ની આસપાસ ભાવનગર નાં રાજવી ભાવસિંહજી ગોહિલ એ આ મંદિરનું સમારકામ કરાવીને તેમાં સુધારા કર્યા

હતાં. અહીં આઈ શ્રી ખોડિયાર માતાજીને સોનાનું છત્ર (સતર) ભાવસિંહજીએ ચડાવ્યુ હતું. કહેવાય છેકે તાંતણિયા ધરાવાળા સ્થળે માતા ખોડીયાર પ્રગટ થયાં હતાં. માઇભકતો દર રવિવારે અને મંગળવારે આ શકિતપીઠ જેવા જ તીર્થધામે આવી માતાજીની કૃપા મેળવવા પૂજન-અર્ચન પાઠ-વિધિ કરે છે.

## શામળદાસ મહેતા

શામળદાસ મહેતા ભાવનગરના રાજવી તખ્તસિંહજીના દીવાન હતા. તેઓનું નાગર બ્રાહ્મણ કુટુંબ વંશપરંપરાગત દીવાનપદું ધરાવતું હતું. શામળદાસ મહેતા ભારે બાહોશ વહીવટકર્તા હતા. ભાવનગર રાજ્યના કારભાર સાથે કુટુંબવ્યવસ્થા પણ કુશાગ્રતાથી સંભાળતા. તેમના કાર્યકાળમાં ભાવનગરમાં મહાન ગુજરાતી સાક્ષર ગોવર્ધનરામ ત્રિપાઠીનું આગમન થયું. ગોવર્ધનરામ ત્રિપાઠી ભાવનગર રાજ્યના એક ઉચ્ચ અધિકારી તરીકે નિમણૂક પામ્યા અને શામળદાસની કાર્યદક્ષતાથી ભારે પ્રભાવિત થયા.

શામળદાસ મહેતા ગોવર્ધનરામ ત્રિપાઠીના મહાસર્જન સરસ્વતીચંદ્રના પાત્ર અમાત્ય બુદ્ધિધનના પાત્રની પ્રેરણાનું મૂળ બન્યા તેવું કહેવાય છે.

૧૮૮૪માં તેમનું અવસાન થયું હતું. તેમની યાદમાં ભાવનગરની શામળદાસ આર્ટસ કોલેજ ૧૮૮૫માં સ્થાપવામાં આવી હતી

## પ્રભાશંકર પટ્ટણી

પ્રભાશંકર પટ્ટણી ભાવનગર રાજ્યના દિવાન હતા. તેઓ તેમની દુરંદેશી, વાકપટુતા, વ્યક્તિત્વ માટે ઓળખાતા હતા. બ્રિટીશરાજથી છાનાં તેમણે પ્રખર ક્રાંતિકાર પૃથ્વીસિંહ આઝાદને ૧૨ વર્ષ સુધી ભાવનગરમાં અજ્ઞાતવાસ આપ્યો હતો. તેઓ લોકશાહીના સમર્થક હતા. ૧૯૨૪માં તેમણે પ્રથમ સાવરકુંડલા મહાલમાં પંચાયતી રાજ્યનો સફળ પ્રયોગ કર્યો હતો અને પછી તે મુજબ વહિવટી વ્યવસ્થા રાજ્યભરમાં સ્થાપવા કાયદો કર્યો હતો

### ભાવનગર રાજનું દિવાન પદ

મેટ્રિકમાં ઉત્તિર્ણ થઈ પ્રભાશંકર મુંબઈ મેડિકલ કોલેજમાં દાખલ થયા. ત્યાં તબિયત લથડતાં મેડિકલ અભ્યાસ પડતો મુકી ૧૮૮૬માં માણાવદર પાછાં ફર્યા. એક-બે શાળાના શિક્ષકની નોકરી કરી તેમણે રાજકુમાર કોલેજમાં શિક્ષક્ની નોકરી સ્વિકારી. આ કાળ દરમ્યાન, કવિ કાન્ત, બ.ક.ઠાકોર જેવા રસિક મિત્રો અને ભવિષ્યના સાક્ષરો સાથેના વિદ્યાવ્યાસંગથી પોતે પણ સિધ્ધહસ્ત લેખક અને કવિ બન્યા. તે સમયે ત્યાં ભાવનગરના

મહારાજકુમાર ભાવસિંહજી પણ વિદ્યાર્થી હતા. પ્રભાશંકરને તેમના શિક્ષક તેમજ ટ્યુટર તરીકે નિમવામાં આવ્યાં. આગળ જતાં તે સમયના દિવાન વિઠ્ઠલદાસ મહેતાએ નાદુરસ્ત તબિયતના કારણે રાજીનામુ આપ્યું. ૧૯૦૩માં મહારાજાએ પ્રભાશંકરની જ દિવાનપદે વરણી કરી. ત્યારથી ૧૯૩૮ સુધી તે ભાવનગર રાજ્યના દિવાનપદ પર રહ્યા.

### સરનું બિરૂદ

આ દરમિયાન, ૧૯૧૨માં બ્રિટીશ રાજ્યના ખાસ આગ્રહથી તેમણે મુંબઇ ગવર્નરની એક્ઝિક્યુટીવ કાઉન્સીલનું સભ્યપદ સ્વિકાર્યું, ગોળમેજી પરિષદમાં જઈ આવ્યા, સાથે ગાંધીજીને પણ આમંત્ર્યા. સરકારે તેમને સર નો ખિતાબ આપીને તેમની સુંદર સેવાઓ માટે બહુમાન કર્યું.

## હમીરજી ગોહિલ

ભારત દેશમાં ઘણા વીર યોધ્ધાઓ થયા છે કે જેઓએ અલગ અલગ લડાઈઓમાં શહીદી વહોરી છે. કોઈએ મંદીરના રક્ષણ માટે તો કોઈએ ધર્મનાં રક્ષણ માટે અથવા તો ભારતનાં સ્વત્રંતતાના સંગ્રામમાં શહીદ થયા છે. આવા જ એક અણનમ વીરત્વ દાખવનાર અરઠીલાનાં હમીરજી ગોહિલ. અરઠીલા ભારત દેશની પશ્ચિમે આવેલ ગુજરાત રાજયનાં અમરેલી જિલ્લામાં આવેલુ છે. આ પ્રદેશ ગોહિલવાડ તરીકે પણ ઓળખાય છે. આમ અરઠીલાના ભીમજી ગોહિલને ત્રણ કુંવર થયા જેમાં દુદાજી, અરજણજી અને હમીરજી. અરઠીલા અને લાઠીની ગાદી દુદાજી સંભાળતા, ગઢાળીના ૧૧ ગામ અરજણજી સંભાળતા અને સૌથી નાના પુત્ર હમીરજી સમઢીયાળા ગામની ગાદી સંભાળતા હતા. આમ સૌરાષ્ટ્ર પ્રદેશનાં ગોહિલવાડના રાજકુંટુંબમાં જન્મ લઈને પોતાના કુળને છાજે તે રીતે જીવન જીવતા હતાં. હમીરજી ગોહિલ આમતો કવિ કલાપી તરીકે પ્રખ્યાત થયેલ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલના પુર્વજ હતા.

### સોમનાથ ઉપર ઝફરખાનનું આક્રમણ

દિલ્હીની ગાદી ઉપર તે વખતે મહમદ તઘલખ બીજાનું સાશન હતું. જુનાગઢમાં પોતાના સુબા સમસુદીનનો પરાજય થતા બાદશાહે તેને બદલીને ઝફરખાનને ગુજરાતનો સુબો નિયુક્ત કર્યો. ઝફરખાન મુળતો રાજસ્થાનનો હતો પણ સમય જતા સુબામાંથી તે ગુજરાતનો સ્વતંત્ર બાદશાહ થઈ બેઠેલો. આથી તેણે સોમનાથમાં બાદશાહી થાણુ મુક્યુ. રસુલખાન નામના એક મુસ્લિમને થાણેદાર

નિમ્યો હતો. ઝફરખાન મુર્તિપુજાનો કટ્ટર વિરોધી હતો. તેની નજર સોમનાથ મંદીર ઉપર હતી કારણકે હિંદુ લોકોની ખુબજ આસ્થા તેના ઉપર હતી.

રસુલખાનને ઝફરખાનનું ફરમાન છુટયુકે મંદીરમાં મોટી સંખ્યામાં હિંદુઓને એકત્ર ન થવા દેવા. તેવા સમયે જ શિવરાત્રિનો મેળો ભરાયો. રસુલખાન અને તેના માણસો મારઝુડ કરીને માંડ્યા માણસોને વિખેરવા. આથી વાત વણસી ગઈ અને લોકો ઉશ્કેરાઈ ગયા અને રસુલખાનને તેના કુંટુંબ અને માણસોની સાથે જ મારી નાંખ્યો. આ ખબર ઝફરખાનને મળતા તે કાળઝાળ થઈ ઊઠયો અને સોરઠને દળી નાખવા તેના હાથ સળવળી ઊઠયા. તે સમયે ધર્માંધતા, મુર્તિપુજા, સમસુદીનનો પરાજય, રસુલખાનનું મોત આમ કેટલીયે બાબતો તેના દિલમાં કાંટાની જેમ ભોંકાતી હતી. આમ ઝફરખાન સોરઠ પર ચડયો છે. ગઢના કિલ્લાના દરવાજા ભાંગી નાખે તવા હાથી સાથે લીધા છે. ભેંકાર તોપુ ઢસડાવી આવે છે. અને કાબુલી, મકરાણી, અફઘાની અને પઠાણી સૈનિકોની ફોજ લઈને સોમનાથ મંદીર ઉપર આક્રમણ કરવા ચાલ્યો આવે છે.

==============================================================================================================================================================

# જોવા લાયક સ્થળ

| | | |
|---|---|---|
| 1. નિલમબાગ પેલેસ | 6. મોતિબાગ ટાઉન હોલ | 11. બાર્ટન પુસ્તકાલય |
| 2. ભાવવિલાસ પેલેસ | 7. ગાંધી-સ્મૃતિ | 12. શામળદાસ કોલેજ |
| 3. ગૌરીશંકર તળાવ | 8. સરદાર-સ્મૃતિ | 13. આયુર્વેદ કોલેજ |
| 4. ગંગા દેરી | 9. શ્રી તખ્તેશ્વર મહાદેવ | 14. શ્રી ગોહ્લીબાર |
| 5. ગંગા જળીયા તળાવ | 10. વિક્ટોરિયા પાર્ક | |

સૌરાષ્ટ્ર ના ભાવનગર ના રાજા નો એક કિસ્સો.

રાજા એક દિવસ ગોરા અમલદાર સાથે બેઠા'તા.
ત્યા એક ભિખારી મહેલ ના દરવાજા પાસે આવ્યો કે જ્યા બોરડી એના બોર થી છલકાતિતિ..
ઈ ભિખારી એ એની ભૂખ મટાડવા માટે બોરડી પર પથ્થર માર્યો અને ઈ પથ્થર મહારાજા ને માથા મા લાગ્યો..
ભિખારી ની ધરપકડ કરીને રાજા સામે લાવવામા આવ્યો.....

રાજા એ બધી હકીકત જાણી અને ભિખારી ને પુછ્યુ કે બોરડી માથી તને કેટલા બૉર મળ્યા?
ભિખારી એ કહ્યુકે એક ખોબો ભરાય એટલા બૉર મળ્યા !
રાજા એ પ્રધાનને આદેશ આપ્યો કે આ માણસ ને એક ખોબો ભરીને સોના-મહોર આપી દો.
રાજા ના આદેશ થી ગોરાઓ અચરજ પામ્યા અને કહ્યુ કે આ માણસને તો દંડ આપવો જોઇએ અને તમે એને ઈનામ આપો છો ?
ત્યારે મહારાજા એ ગોરાઓ ને જવાબ આપ્યોતો કે
"જો એક બોરડી એક પથ્થર મારવાથી મુઠ્ઠી એક બૉર આપી શક્તી હોય તો હૂ તો આ પ્રજા નો રાજા કહેવાવ.
એણે મને પથ્થર માર્યો એટલે મારે એને મુઠ્ઠી એક સોના-મહોર તો આપવી જ જોઇએ".
આવા પ્રજા-વત્સલ હતા આપણા રાજવીઓ...!



## કૃષ્ણકુમારસિંહ ગોહીલ

ભાવનગર રાજ્યના છેલ્લા રાજવી કૃષ્ણકુમારસિંહ નો જન્મ ૧૯ મે, ૧૯૧૨ ના રોજ થયો હતો. તેઓ મહારાજા ભાવસિંહ ગોહિલ (બીજા) ના ઉત્તરાધિકારી તરીકે ગાદીએ આવ્યા હતા. સ્વતંત્ર ભારતના એકીકરણ કરવા માટે સરદાર વલ્લભભાઈ પટેલને સૌ પ્રથમ પોતાનું રાજ્ય આપ્યું હતું. ત્યાર બાદ તેઓ મદ્રાસના ગવર્નર તરીકે નિમાયા હતા.

કૃષ્ણકુમારસિંહનો જન્મ ૧૯ મે ૧૯૧૨ના રોજ ભાવનગરમાં થયો હતો. તેઓ મહારાજા ભાવસિંહ (દ્વિતિય) (૧૮૭૫-૧૯૧૯, શા. ૧૮૯૬-૧૯૧૯)ના જ્યેષ્ઠ પુત્ર અને તેમની ગાદીનાં વારસ હતા. કૃષ્ણકુમારસિંહએ તેમના પિતાનાં અવસાન બાદ ૧૯૧૯માં ભાવનગરની ગાદી સંભાળી ત્યારે તેમની ઉંમર ફક્ત ૭ વર્ષની હતી, તેઓએ અંગ્રેજ હકુમત હેઠળ ૧૯૩૧ સુધી શાસનની ધુરા સંભાળી હતી. કૃષ્ણકુમારસિંહએ પોતાના પિતા અને દાદા દ્વારા શરુ કરાયેલા સુધારાના કામો, જેવા કે રાજ્યમાં વેરા વસૂલાતની પદ્ધતિમાં સુધારા, ગ્રામ-પંચાયતોની અને ભાવનગર રાજ્યની "ધારાસભા" ની રચના

વગેરે આગળ ધપાવ્યા. પ્રગતિમય શાસનને લીધે એમને ઈ.સ. ૧૯૩૮ ના વર્ષમાં કે.સી.એસ.આઈ.ના ઈલ્કાબથી નવાજવામાં આવ્યા હતા. છતાં તેઓ હંમેશા "ભારતની સ્વતંત્રતા" માટે કટીબદ્ધ રહ્યા હતા અને એટલે જ ભારત સ્વતંત્ર થતાની સાથે ભારતીય ગણતંત્રના કાઠિયાવાડ રાજ્ય સાથે પોતાનું રાજ્ય ભેળવી દેનારા પ્રથમ રાજવી હતા.

બાર તેર વર્ષની ઉંમરે ભાવનગર આવેલા ગાંધીજી સાથે કૃષ્ણકુમારસિંહની મુલાકાત યોજાઈ, જેમનાથી તેઓ ઘણા પ્રભાવિત થયા હતા. પ્રભાશંકર પટ્ટણીના સાનિધ્ય અને માર્ગદર્શન તેમનું ઘડતર બળ બની રહ્યા. રાજકોટની રાજકુમાર કોલેજમાં અભ્યાસ કર્યા પછી કૃષ્ણકુમારસિંહને ઇંગ્લેન્ડની વિખ્યાત પબ્લીક સ્કૂલ હેરોમાં મૂકવામાં આવ્યા હતા. ત્યાં ત્રણ વર્ષ અભ્યાસ કરી ક્રિકેટ, ફૂટબોલ, નિશાનબાજી વગેરેનો શોખ કેળવ્યો. ઈ.સ. ૧૯૩૧માં કૃષ્ણકુમારસિંહ પુખ્ત વયનાં થતાં રાજ્ય વહીવટની ધૂરા સંભાળી લીધી. તે જ વરસે ગોંડલના યુવરાજ ભોજરાજનાં પુત્રી વિજયાબા સાથે તેમનાં લગ્ન લેવાણાં. ઈ.સ. ૧૯૩૧ માં મહારાજા કૃષ્ણકુમારસિંહના લગ્ન ગોંડલનાં મહારાજા ભોજિરાજસિંહના પુત્રી અને મહારાજા ભગવતસિંહજીના પૌત્રી વિજયાબાકુંવરબા સાથે થયા. આ લગ્નથી એમને બે પુત્રો અને ત્રણ પુત્રીઓ મળીને પાંચ સંતાનો થયા.

## જીવનનાં પાછલા વર્ષોમાં

ઇ.સ. ૧૯૪૮માં કૃષ્ણકુમારસિંહ મદ્રાસના પ્રથમ ભારતીય રાજ્યપાલ બનવાનું બહુમાન મેળવ્યું. એજ વર્ષે એમને રોયલ ભારતિય નૌકાદળના માનદ્ કમાન્ડર પણ બનાવાયા. ભાવનગરમાં આવેલા નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયના પ્રમુખ તરીકે અને યુનાઇટેડ સર્વિસીઝ ઈંસ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાના વાઈસ-પેટ્રન તરીકે પણ કાર્ય કર્યુ. ૨ એપ્રિલ ૧૯૬૫ના દિવસે ૫૨ વર્ષની ઊંમરે અને ૪૬ વર્ષના શાસનકાળ પછી એમનું ભાવનગરમાં જ અવસાન થયુ.

ભાવનગર યુનિવર્સિટી હવે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી તરીકે ઓળખાય છે, આ અંગેનું વિધેયક મંગળવારે ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૧૨માં સર્વાનુમતે પસાર થયું હતું. જેને લીધે ભાવનગર યુનિવર્સિટી અધિનિયમ પણ હવે મહારાજા કૃષ્ણકુમારસિંહજી અધિનિયમ તરીકે ઓળખાય છે. ઉલ્લેખનીય છે કે મહારાજા કૃષ્ણકુમારસિંહએ કરેલા અભુતપૂર્વ(સંદર્ભ આપો) ધાર્મિક-સાહિત્યિક-શૈક્ષણિક-સામાજિક પ્રદાન બદલ તેઓને માનાંજલી અર્પવા માટે આ યુનિવર્સિટીની

એક્ઝિક્યુટીવ કાઉન્સિલ દ્વારા આ નામાભિધાન અંગેનો ઠરાવ કર્યો હતો. તેના અનુસંધાનમાં આ વિધેયક છેક ૨૦૧૨માં વિધાનસભામાં રજૂ થયું હતું અને સર્વાનુમતે પસાર થયું.

**લોકચાહના**

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભારતના એકમાત્ર એવા રાજા હતા કે જે પ્રજામાં અપાર લોકચાહના ધરાવતા હતા. તેઓના નામની આગળ માત્ર મહારાજા કે રાજવી નહીં પરંતુ પ્રાતઃસ્મરણીય એવું બિરૂદ લગાડવામાં આવે છે. ભાવનગરના ગૌરીશંકર તળાવ એટલે કે બોરતળાવને મહારાજા કૃષ્ણકુમારસિંહજી અને સમગ્ર રાજવી પરિવારની અનમોલ ભેટ અને મહારાજા કૃષ્ણકુમારસિંહજીની દીર્ઘદૃષ્ટિનો ઉમદા નમૂનો ગણવામાં આવે છે. ભાવનગરના રાજવી પરિવારે કોઈપણ નદી કે નાળા પર આધારીત નહીં પરંતુ માળનાથના ડુંગરામાંથી ભીકડા કેનાલ દ્વારા વરસાદી પાણી લાવીને ઉભુ કરેલું આ ગૌરીશંકર તળાવ તેની આ બાબત માટે તો અજોડ છે જ સાથે ભાવનગર માટે ગૌરવરૂપ પણ છે.

હિન્દુસ્તાનને આઝાદી બાદ અખંડ રાષ્ટ્ર તરીકે જોવાના સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપ્નને સૌ પ્રથમ સાકાર કરવામાં ભાવનગરના પ્રાત: સ્મરણિય મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ અપ્રતિમ યોગદાન આપ્યું. તેઓએ ૧૫મી જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ પોતાની સઘળી સંપત્તિ સાથે ભાવનગર રાજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ચરણે ધરણી દઈ પ્રથમ પુનિત આહૂતિ આપી.

તો આઝાદી બાદ ઈ.સ. ૧૯૪૮માં મહારાજા કૃષ્ણકુમારસિંહજી નવા અસ્તિત્વમાં આવેલા મદ્રાસ રાજ્યના ગવર્નર તરીકે નિમાયા ત્યારે માસિક એક રૂપિયાનું પ્રતિક માનદ વેતન સ્વીકારી પ્રજાસેવાનો અને ત્યાગનો ઉત્તમ દાખલો બેસાડયો જે આજે જાહેર જીવનમાં જોવા મળતો નથી. બાળપણમાં જ માતાપિતા ગુમાવી ચૂકેલા મહારાજા એકાંતપ્રિય અને વિચારશીલ બન્યા હતા. કુશળ રાજનીતિજ્ઞ, અભ્યાસી અને દૂરંદેશી ધરાવનાર પ્રભાશંકર પટ્ટણી દ્વારા તેમનું ઘડતર થયું હતું. વિશાળ વાચન, સરળ જીવન, કુદરતપ્રેમ અને સ્વતંત્ર દષ્ટિના કારણે ભારતના બદલાઈ રહેલા ઇતિહાસનાં પગરણ તેઓ પિછાની શક્યા. આવી દૂરંદેશી અને વાસ્તવની સમજ બહુ ઓછા રાજવીઓમાં હતી. આથી સૌરાષ્ટ્રના રાજવીઓમાં તો તેમનું વ્યક્તિત્વ અનેક રીતે જુદું પડતું હતું.

**આઝાદી વખતે**

સૌરાષ્ટ્રનાં ૨૨૨ રજવાડાંઓમાં કે દેશભરમાં પણ ગાંધીજીને અને દેશકાળને સમજીને ઇતિહાસનાં પરિવર્તનોને પારખનારા રાજવીઓ ઓછા હતા. મહારાજા કૃષ્ણકુમારસિંહજી તેમાં અપવાદરૂપ હતા. દેશને સ્વતંત્રતા મળી ગઈ, પાકિસ્તાન જુદું પડી ગયું, પણ દેશી રાજ્યોનો પ્રશ્ન હજી ઉકેલાયો નહોતો. કેટલાયે રાજવીઓ સ્વતંત્ર બની સત્તા ટકાવી રાખવાનાં સપનાં સેવી રહ્યા હતા. કાયદે આઝમ ઝીણા અને તેમના સાથીદારો પાકિસ્તાનમાં જોડાઈ જવા રાજવીઓને લલચાવી રહ્યા હતા. કૃષ્ણકુમારસિંહજીને રાજવીઓનાં જૂથોમાં જોડાવાનો આગ્રહ થતો હતો. પણ તેમણે પ્રજાને જવાબદાર તંત્ર આપવાની વિચારણા શરૂ કરી હતી. ડિસેમ્બર, ૧૯૪૭માં તેમણે નિર્ણય કરી લીધો. દીવાન અનંતરાય પટ્ટણી હાજર નહોતા. બળવંતરાય મહેતા પણ દિલ્હી ગયા હતા. તેમણે બીજા રાજકીય અગ્રણી જગુભાઈ પરીખને બોલાવીને જણાવ્યું કે પોતે ભાવનગરની પ્રજાને જવાબદાર રાજતંત્ર આપી દેવાનો નિર્ણય કરી લીધો છે. જગુભાઈએ તેમનો નિર્ણય આવકારીને આનંદ વ્યક્ત કર્યો તથા દિલ્હી જઈ સરદારસાહેબને મળવા અભિપ્રાય આપ્યો. મહારાજાએ તેમનો અભિપ્રાય સાંભળી લીધો.

તે પછી તેમણે જાતે નિર્ણય કર્યો કે દિલ્હી જઈ ગાંધીજીને મળવું. તેમણે ગઢડાથી શેઠ મોહનલાલ મોતીચંદને બોલાવ્યા. તેમને કામ સોંપ્યું કે દિલ્હી જઈ ગાંધીજી સાથેની પોતાની મુલાકાતની વિગતો નક્કી કરી આવે. ગાંધીજીએ આપેલી તારીખ પ્રમાણે મહારાજા ૧૭ ડિસેમ્બર, ૧૯૪૭ના રોજ રાત્રે ૧૧ વાગ્યે મળવા ગયા. મનુબહેન ગાંધીએ 'દિલ્હીમાં ગાંધીજી' ભા.૧ માં મહારાજાની ગાંધીજી સાથેની મુલાકાતનું વર્ણન આપ્યું છે. સમય નજીક જણાતાં ગાંધીજીએ મનુબહેનને બહાર કાર સામે જઈ મહારાજાને માનપૂર્વક લઈ આવવા જણાવ્યું. જ્યારે મહારાજા તેમના ખંડમાં પ્રવેશ્યા ત્યારે તેઓ પોતાના હાથમાં મધ અને લીંબુ સાથેના પાણીનો પ્યાલો હતો તે મનુબહેનના હાથમાં સોંપી ઊભા થઈ ગયા. અને મહારાજાને સ્વાગતમાં નમસ્કાર કર્યા. દીવાન અનંતરાય પટ્ટણી સાથે હતા, પણ મહારાજાએ ગાંધીજીને એકલા જ મળીને વાતચીત કરી હતી. મહારાજાએ ગાંધીજીને નમ્રતાપૂર્વક જણાવ્યું કે મારું રાજ્ય હું આપનાં ચરણોમાં સોંપી દઉં છું. મારું સાલિયાણું, ખાનગી મિલકતો વગેરે અંગે આપ જે નિર્ણય કરશો તે જ હું સ્વીકારીશ. આપની આજ્ઞા પ્રમાણે જ બધું કરીશ. ગાંધીજી મહારાજાની આવી ઉદાર અને ઉમદા રજૂઆતથી ખૂબ રાજી થયા. છતાં પૂછ્યું, 'આપનાં રાણીસાહેબ અને ભાઈઓને પૂછ્યું છે ?' મહારાજાનો જવાબ હતો કે મારા નિર્ણયમાં તેમનો અભિપ્રાય પણ આવી જાય છે. ગાંધીજીએ આ અંગે સરદાર વલ્લભભાઈ પટેલને મળી વિગતે વાત કરવા જણાવ્યું.

મહારાજા દિલ્હી રોકાયા હતા અને સરદારસાહેબ, જવાહરલાલ નહેરુ, લોર્ડ માઉન્ટબેટન વગેરે સૌ પદાધિકારીઓને મળ્યા હતા. ફરી ગાંધીજીને મળવા જતા હતા ત્યારે અન્ય આવેલા રાજવીઓને કહેતા કે તમે પૂછતા હતાને કે અમારે હવે શી રીતે વરતવું ? તો તમે ભાવનગરના આ મહારાજા કૃષ્ણકુમારસિંહજીનું ઉદાહરણ લો અને તેમણે જે રસ્તો લીધો તેવો તમે પણ લો તેવી મારી ભલામણ છે. મનુબહેને પાછળથી ગાંધીજીને પૂછેલું : 'બાપુ, આપની પાસે તો વાઈસરોય જેવા ઘણા મોટા લોકો આવે છે. પણ આપ ક્યારેય ઊભા થતા નથી અને કાર સામે જવાનું કહેતા નથી. તો આ મહારાજા તેમાં અપવાદ કેમ ?' ગાંધીજીએ કહ્યું : 'મનુ, તું જાણે છે ના કે હું ભાવનગરની શામળદાસ કોલેજમાં ભણ્યો છું. એટલે એક વખતનો પ્રજાજન કહેવાઉં. તે મહારાજા છે. એટલે મારે તેમને માન આપવું જોઈએ.' આવા મહાન હતા ભાવનગરના મહારાજા અને ખરા અર્થમાં પ્રજાહૃદયસમ્રાટ મહારાજા કૃષ્ણકુમારસિંહજી.

## ખિતાબ

| ક્રમ | સમયગાળો | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૯૧૨-૧૯૧૯ | મહારાજા કુમાર શ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબ ગોહિલ, ભાવનગરના યુવરાજ સાહેબ |
| ૨ | ૧૯૧૯-૧૯૩૭ | હીઝ હાઇનેસ મહારાજા રાઓલ શ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબ, ભાવનગર સ્ટેટના મહારાજા |
| ૩ | ૧૯૩૭-૧૯૩૮ | લેફ્ટનંટ હીઝ હાઇનેસ મહારાજા રાઓલ શ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબ, ભાવનગર સ્ટેટના મહારાજા |
| ૪ | ૧૯૩૮-૧૯૪૩ | લેફ્ટનંટ હીઝ હાઇનેસ મહારાજા રાઓલ શ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબ, ભાવનગર સ્ટેટના મહારાજા, કે.સી,એસ.આઇ. |
| ૫ | ૧૯૪૩-૧૯૪૫ | કેપ્ટન હીઝ હાઇનેસ મહારાજા રાઓલ શ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબ, ભાવનગર સ્ટેટના મહારાજા, કે.સી,એસ.આઇ. |
| ૬ | ૧૯૪૫-૧૯૪૬ | લેફ્ટનંટ-કર્નલ હીઝ હાઇનેસ મહારાજા રાઓલ શ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબ, ભાવનગર સ્ટેટના મહારાજા, કે.સી,એસ.આઇ. |
| ૭ | ૧૯૪૬-૧૯૪૮ | કર્નલ હીઝ હાઇનેસ મહારાજા રાઓલ શ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબ, ભાવનગર સ્ટેટના મહારાજા, કે.સી,એસ.આઇ. |
| ૮ | ૧૯૪૮-૧૯૬૫ | કમાંડર હીઝ હાઇનેસ મહારાજા રાઓલ શ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબ, ભાવનગર સ્ટેટના મહારાજા, કે.સી,એસ.આઇ. |

## સન્માન

| ક્રમ | સમયગાળો | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૯૩૫ | કીંગ જ્યોર્જ ૪ રજત જયંતિ ચંદ્રક |

૨ ૧૯૩૭ કીંગ જ્યોર્જ ૫ કોરોનેશન ચંદ્રક

૩ ૧૯૩૮ કે. સી. એસ્. આઇ. (Knight Commander of the Order of the Star of India)

૪ ૧૯૩૯-૧૯૪૫ યુદ્ધ માટેનો ચંદ્રક

૫ ૧૯૪૫ રક્ષણ માટેનો ચંદ્રક

૬ ૧૯૪૭ ભારતની આઝાદી માટેનો ચંદ્રક

૭ ૨૦૧૨ ગુજરાત વિધાનસભાએ વિધેયક પસાર કરીને ભાવનગર યુની. નું નામાભિધાન મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુની. કર્યું.

સૌરાષ્ટ્રનાં દેશી રજવાડાંમાં ભાવનગરનું સ્થાન હંમેશાં વિશિષ્ટ રહ્યું છે. તે પ્રગતિશીલ રાજ્ય હતું. અહીંના રાજા પ્રજાવત્સલ અને કલ્યાણ રાજ્યના હિમાયતી હતા. સ્વાતંત્ર્ય પછી ભારતમાં ભળી જનારાં રાજ્યોમાં ભાવનગર એક અગ્રણી રાજ્ય હતું. પ્રજાને જવાબદાર રાજતંત્ર આપનારા સૌરાષ્ટ્રનાં રાજ્યોમાં ભાવનગર પ્રથમ હતું. અન્ય રજવાડાં ભાવનગરના રાજા અને રાજ્ય તરફ માન અને અહોભાવથી જોતાં હતાં. ભાવનગર ભૌગોલિક દૃષ્ટિએ સૌરાષ્ટ્રમાં હતું, પરંતુ તેનો સાંસ્કૃતિક-વ્યાપારિક સંબંધ સવિશેષ, અમદાવાદ-તળ ગુજરાત સાથે હતો અને છે. ભાવનગરની ગુજરાતી શિષ્ટ ગુજરાતીની સૌથી નજીક છે. ભાવનગર શહેર પણ ગાયકવાડી રાજ્યના પાટનગર વડોદરાની જેમ, 'સંસ્કારનગરી' તરીકે જાણીતું છે

અંતમાં એક લાઈન જે કરો તે બેસ્ટ કરો, દિલથી કરો. સફળતા ચોક્સ મળશે

https://t.me/gyansarthi

https://t.me/gyansarthi

https://t.me/lokrakshak

**યુવરાજસિંહ જાડેજા**, અને **ભાવિન જોષી** દ્વારા કોન્સ્ટેબલ,તલાટી GPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરિક્ષામા તમને સફળતાના દ્વાર સુધી લઈ જવાનો એક અનોખો પ્રયાસ જેમાં દરેક સ્પર્ધાત્મક પરિક્ષામા ઉપયોગી નીવડતુ સાહિત્ય(મટીરીયલ્સ) ની:સ્વાર્થ ભાવે પીરસવામા આવી રહ્યું છે.

મટીરીયલ્સની રોજે-રોજની અપડેટ મેળવવા અમારી સાથે જોડાઈ શકો સવો Telegram ના માધ્યમ દ્વારા.

* **જ્ઞાન સારથિ** ટેલીગ્રામ ચેનલ : અહી ક્લિક કરો

https://t.me/gyansarthi પર ક્લિક કરો અથવા telegram માં સર્ચ કરો @gyansarthi